# ટ્રાંઝિશન: શાળામાં એક હકારાત્મક શરૂઆત

## પરિવારો માટે માહિતી પત્રક

**શાળામાં પ્રારંભ પડકારરૂપ તેમ જ રોમાંચક પણ હોઈ શકે છે. આ માહિતી પત્રક જણાવે છે કે તમારા બાળકની અર્લી ચાઇલ્ડહૂડ સેવા તમારા બાળકને શાળામાં એક હકારાત્મક શરૂઆત કરવામાં કેવી રીતે મદદરૂપ થશે.**

તમારું બાળક આ પહેલા પણ ઘણા ટ્રાંઝિશન્સ માંથી પસાર થઈ ચૂક્યું છે, જેવા કે:

- એક એક્ટિવિટી કે રૂટીનમાંથી બીજામાં જવું
- પ્લેડેટ પર કે રજા માણવા જવું
- ચાઇલ્ડકેર કે કિંડરગાર્ટનમાં જવાની શરૂઆત.

આ અનુભવો તમને એવો ખ્યાલ આપે છે કે તમારું બાળક નવી જગ્યાઓ અને વસ્તુઓ પ્રત્યે કેવી પ્રતિક્રિયા આપે છે અને તેમને કઈ મદદની જરૂર છે.

### શાળામાં એક હકારાત્મક શરૂઆત થવી શા માટે મહત્ત્વપૂર્ણ છે?

શાળામાં હકારાત્મક શરૂઆત થવાથી તમારું બાળક:

- શિક્ષણ અને સુખાકારી બાબતે વધુ સારા પરિણામો મેળવે છે
- તેના શિક્ષણ અને વિકાસમાં આવતા વિક્ષેપને ટાળે છે
- સુરક્ષિત, આત્મવિશ્વાસસભર અને જોડાયેલ હોવાનું અનુભવે છે.

### તમારા બાળકની શાળામાં નોંધણી કરાવવી

બાળકો શાળામાં જાય તે પહેલા મોટા ભાગની શાળાઓ મે મહિનામાં બાળકોની શાળામાં નોંધણી કરાવી લે છે. શાળામાં નોંધણી કરવાથી તમને શાળાને જાણવાની અને શાળાની એક્ટિવિટીઝના ટ્રાંઝિશનમાં સહભાગી થવાની વધુ તકો મળી રહે છે. જ્યારે આ એક્ટિવિટીઝ વર્ષની સમાપ્તિના બહુ પહેલાથી શરૂ થઈને શાળા શરૂ થયા પછી ઘણા દિવસો સુધી ચાલે છે, ત્યારે બાળકોનું ટ્રાંઝિશન વધુ સારી રીતે થાય છે.

### શાળાના કાર્યક્રમો અને એક્ટિવિટીઝમાં ટ્રાંઝિશન

શાળાની એક્ટિવિટીઝમાં ટ્રાંઝિશન તમને અને તમારા બાળકને નીચેની બાબતોમાં મદદરૂપ થાય છે:

- શાળા કેવી હશે તેની સમજણ
- અન્ય બાળકો અને પરિવારો સાથે મિત્રતા કરવી.

### ટ્રાંઝિશન લર્નિંગ અને ડેવલપમેન્ટ સ્ટેટમેન્ટ

તમારા બાળકના અર્લી ચાઇલ્ડહૂડ અધ્યાપક ટ્રાંઝિશન લર્નિંગ અને ડેવલપમેન્ટ સ્ટેટમેન્ટ (ટ્રાંઝિશન સ્ટેટમેન્ટ તરીકે ઓળખાતું) લખશે. ટ્રાંઝિશન સ્ટેટમેન્ટ તમારા બાળકની શાળા અને તેના પ્રેપ ટીચરને તમારા બાળકને ઓળખવામાં અને તેને શીખવવા માટે યોજના ઘડવામાં મદદરૂપ થશે. ટ્રાંઝિશન સ્ટેટમેન્ટમાં નીચેની બાબતો સામેલ હશે:

- તમારા બાળકનું નામ, જન્મ તારીખ અને તેનો ફોટો
- તમારું નામ અને સંપર્કની વિગતો
- અર્લી ચાઇલ્ડહૂડ સર્વિસનું તેમજ તમારા બાળકને સહાય કરતાં કોઈ પણ અન્ય અર્લી ચાઇલ્ડહૂડ પ્રોફેશનલ્સના નામ અને સંપર્કની વિગતો
- તમારા બાળકની રુચિ, કૌશલ્ય અને ક્ષમતાઓ વિશેની માહિતી
- તમારા બાળકના શિક્ષણ માટે મદદરૂપ થતી શીખવવાની સર્વોત્તમ પદ્ધતીઓ.

જો તમારું બાળક આઉટસાઇડ સ્કૂલ અવર્સ કેર (OSHC)માં જવાનું હોય, તો OSHC સેવાને પણ ટ્રાંઝિશન સ્ટેટમેન્ટ આપવામાં આવશે.

તમારા બાળકના સંપૂર્ણ ભરેલા ટ્રાંઝિશન સ્ટેટમેન્ટની એક નકલ તમને આપવામાં આવશે. તમારા બાળકના શિક્ષણને સમજવા, તેને મદદરૂપ થવા અને તે અંગે ચર્ચા કરવા માટે તે તમને મદદ કરી શકે છે.

તમારા બાળકનું ટ્રાંઝિશન સ્ટેટમેન્ટ નીચેની બાબતોમાં મદદરૂપ થાય છે:

- તમારા બાળકની રુચિઓ અંગે યોજના ઘડવામાં
- તમારા બાળકનું અર્લી ચાઇલ્ડહૂડ સર્વિસ માંથી શાળામાં સરળતાથી ટ્રાંઝિશન થવામાં.

ટ્રાંઝિશન સ્ટેટમેન્ટ સામાન્ય રીતે ટર્મ 4 માં લખાય છે. જો કે, તમારા બાળકના વિકાસમાં વિલંબ થયો હોય, કે તે વિકલાંગ હોય તો ટ્રાંઝિશન સ્ટેટમેન્ટ તે પહેલા, જૂન કે જુલાઈમાં લખી શકાય. એનાથી તમારા બાળકને કોઈ અતિરિક્ત મદદની જરૂર હોય, તો તમને અને શાળાને યોજના ઘડવામાં મદદ મળશે.

આ ટ્રાંઝિશન સ્ટેટમેન્ટમાં એક વિભાગ હોય છે, જે તમારે ભરવાનો હોય છે. કારણ કે તમે તમારા બાળક વિશે ઘણું બધુ જાણો છો, તેથી તમારું મંતવ્ય મહત્ત્વનું છે. એ શાળાને તમારા માટે અને તમારા બાળક માટે શાળામાં હકારાત્મક શરૂઆત કરવા માટે યોજના ઘડવામાં મદદ કરશે.

તેમાં એક એવો પણ વિભાગ હોય છે, જે તમારા બાળકે, તેના કોઈ પરિચિત પુખ્ત જેવા કે તમે પોતે અથવા અર્લી ચાઇલ્ડહૂડ અધ્યાપકની મદદથી ભરવાનો હોય છે. તેમાં સામેલ હોઈ શકે છે:

- એક ચિત્ર
- તમારા બાળકને શાળાની કઈ બાબત વિશે ઉત્સુકતા છે
- શાળામાં જવાની શરૂઆત અંગે તે શું વિચારે છે.

### માહિતી કેવી શેર કરાય છે

Insight Assessment Platformની મદદથી ટ્રાંઝિશન સ્ટેટમેન્ટ્સ ઓનલાઇન શેર અને સ્ટોર કરાય છે. Insight Assessment Platform પર રહેલ માહિતીને ઓસ્ટ્રેલિયાની અંદર સુરક્ષિત રીતે સંગ્રહિત કરાય છે.

તમામ વિક્ટોરિયન સરકારી શાળાઓ (અને કેટલીક કેથલિક અને સ્વતંત્ર શાળાઓ) દરેક બાળકના શિક્ષણ અને વિકાસની નોંધ કરવા માટે Insight Assessment Platform નો ઉપયોગ કરે છે. જો તમારા બાળકની શાળા Insight Assessment Platform નો ઉપયોગ કરતી ન હોય, તો તે શાળાને ટ્રાંઝિશન સ્ટેટમેન્ટની કાગળ નકલ અથવા ઈલેક્ટ્રોનિક નકલ આપવામાં આવશે.

શિક્ષણ અને તાલીમ વિભાગ કેટલીક વાર બાહ્ય સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરે છે. આ વિભાગ માટે કામ કરનાર સેવા પ્રદાતાઓને ડેટા સલામતીના પગલાઓનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. આ Insight Assessment Platform આ

THE EDUCATION STATE

EARLY CHILDHOOD

વિભાગની **માહિતી ગોપનીયતા નીતિ**
www.education.vic.gov.au/Pages/privacypolicy નું પાલન કરે છે.

દેખરેખ અને સંશોધન માટે આ વિભાગ ટ્રાંઝિશન સ્ટેટમેન્ટમાંથી માહિતીનો ઉપયોગ કરી શકે છે. આ માહિતી આંકડાઓ અને આલેખોના સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે અને તેમાં બાળકોના નામ આપવામાં આવતા **નથી**.

Insight Assessment Platform અંગે વધુ માહિતી માટે આ વિભાગનો psts@edumail.vic.gov.au પર સંપર્ક કરો.

કેટલીક વાર, વિક્ટોરિયન એજ્યુકેશન અને કેર પ્રોફેશનલ્સને તમારા બાળકના હિત માટે તેમ જ સલામતી માટે માહિતી શેર કરવી પડે છે. અર્લી ચાઇલ્ડહૂડ એજ્યુકેશન સર્વિસ તેના દેખભાળ, ભેદભાવ-વિરોધી, વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને સલામતીના કર્તવ્યો તેમજ બાળકની સુખાકારી અને સલામતીની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે તમારા બાળક અને પરિવાર અંગેની માહિતી શેર કરી શકે છે. વધુ માહિતી માટે, અહીં મુલાકાત લો https://www.vic.gov.au/information-sharing-schemes-and-the-maram-framework.

## વધુ માહિતી માટે

કૃપા કરીને અહીં મુલાકાત લો
www.education.vic.gov.au/transitiontoschool.

આ દસ્તાવેજ વિવિધ ભાષાઓમાં અહીં ઉપલબ્ધ છે:
www.education.vic.gov.au/transitiontoschool.